# સુરત મહાનગરપાલિકા
# સેન્ટ્રલ ઝોન

**કવોટેશન નોટીસ નં.એ.સી.ઈ/સી.ઝેડ./૧૭/૨૦૨૫-૨૦૨૬**

## માહિતી પુસ્તિકા

કવોટેશન મેળવવાની શરૂઆતની તા : ૧૦/૦૩/૨૦૨૬

કવોટેશન મેળવવાની અંતિમની તા : ૧૭/૦૩/૨૦૨૬

કવોટેશન સ્વીકારવાની અંતિમ તા : ૩૦/૦૩/૨૦૨૬

કવોટેશન ખરીદનાર : ..........................................................

કવોટેશન લઈ જનાર : ..........................................................

સરનામું : ..........................................................

..........................................................

..........................................................

ફોન/મોબાઈલ નંબર : ..........................................................

રસીદ નં/તારીખ : ..........................................................

-:: કેન્ટીન ભાડે રાખવાની શરતો ::-

(૧) આ કેન્ટીન એક વર્ષ માટે ફાળવવામાં આવશે. મુદત પુરી થયે કેન્ટીનનો કબ્જો સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવાનો રહેશે. પરંતુ જો સંતોષકારક કામગીરી હશે તેમજ નિયમિતપણે નાણાં ભરપાઈ કરેલ હશે, તો પરસ્પર સમજુતીથી વધુમાં વધુ છ માસ અથવા તો એક વર્ષ માટે મુદત લંબાવી/વધારી આપવામાં આવશે.

(૨) આ કેન્ટીનનું ક્ષેત્રફળ ૬૮૫.૦૦ ચો. ફુટ છે. જેમાં સંપૂર્ણ સુવિધાવાળુ રસોડુ તથા ૧ (એક) રૂમનો સમાવેશ થાય છે.

(૩) કેન્ટીનમાં મુખ્યત્વે નીચે પ્રમાણેની સુવિધાઓ સુરત મહાનગરપાલિકા પુરી પાડશે.

(૧) કાઉન્ટર નંગ-૨ (૨) ટેબલ નંગ-૧૨ (૩) બેન્ચ નંગ-૨૪

(૪) એકસોઝટ ફેન (૫) વોશ બેઝીંગ નંગ-૨ (૬)ગેસના ચુલા નંગ-૨, સીલીંડર તથા બે રેગ્યુલેટર

(૭) પવાલી નંગ-૧ (૮)સ્ટીલનું કન્ટેનર નંગ-૧(૯) મીરર

(૧૦)મીટર રેગ્યુલેટર વિ. સાથે ગેસ પાઈપ લાઈન

(૪) કેન્ટીન ચલાવવા માટે જરૂરી બળતણ ખર્ચ તેમજ વિજળી ખર્ચ ઈજારદારે ભોગવવાનો રહેશે. ગુજરાત ગેસ કુ. લી., સુરત ઈલેકટ્રીકસીટી કું. લી.ના લાગુ પડતા બીલ, વિગેરે ઈજારદારે નિયમીત ભરવાના રહેશે. તથા અનિયમિત બીલનો દંડ વિગેરે ભરવાના થાય તો તેવી દંડની રકમ ઈજારદારે ભરપાઈ કરી તાત્કાલીક પૂર્તતા કરવાની રહેશે. તદઉપરાંત વખતો વખત લાગુ પડતા કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર તરફથી નકકી થયેલ નિયમો/કાયદાને અમલવા સરકારી/અર્ધસરકારી ટેક્ષ, શેસ, ચાર્જ, વેરા, સર્વિસ ટેક્ષ, ડયુટી વિગેરે તથા તેને લાગુ નકકી કરેલ પોલીસી મુજબ વ્યાજ/પેનલ્ટી વિગેર અલગથી ફરજીયાત પણે ભરપાય કરવાના રહેશે.

(૫) **સ્વ સહાય જૂથે** સદર કેન્ટીનની મહતમ માસિક ભાડાની ઓફર નિયત ફોર્મમાં સીલબંધ કવરમાં આપવાની રહેશે. કવર ઉપર " કેન્ટીન ચલાવવા માટેનું કવોટેશન " એમ સ્પષ્ટ લખવાનું રહેશે. માસિક લઘુતમ ભાડાની રકમ રૂા.૧૦,૦૦૦/- પ્રતિ માસ રહેશે (ભાડાની રકમમાં તમામ પ્રકારના મ્યુ. મિલ્કત વેરાનો સમાવેશ થાય છે તથા ઈજારદારે અલગથી મિલ્કત વેરો ભરવાનો રહેશે નહિ.). ઈજારો મંજુર થયેથી નકકી થયેલી માસિક ભાડાની રકમ પ્રમાણેના એડવાન્સ ચેકો ઈજારદાર ધ્વારા સ્થળ પર કામગીરી શરૂ કર્યાની તારીખથી દિન-૦૫(પાંચ)માં દરેક માસ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના જમીન મિલકત ખાતામાં જમા થાય તે પ્રમાણે ઈજારદારે આપવાના રહેશે. સદર ચેકો પૈકીના કોઈપણ ચેક પરત ફરે / રીટર્ન થાય તો તે રકમ પર વાર્ષિક ૧૮% લેખે સાદુ વ્યાજ પેનલ્ટી તરીકે લાગુ પડશે તથા તે પેનલ્ટી સહિતની રકમ ઈજારદારે રોકડમાં ચુકવવાની રહેશે.

(૬) **સ્વ સહાય જૂથે** સીલબંધ ઓફર સાથે બાનાની રકમનો કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના નામનો રૂા.૨,૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફટ / પે-ઓર્ડર જમા કરાવવાનો રહેશે.

(૭) **સ્વ સહાય જૂથ**ની ઓફર મંજુર થયેથી ઈજારદારે સીકયુરીટી ડીપોઝીટ તરીકે રૂા. ૧૦,૦૦૦/- જમા કરાવવાના રહેશે. જે ઈજારો પુરો થયેથી વિના વ્યાજ પરત કરવામાં આવશે.

(૮) કેન્ટીનમાં તમામ ચીજ વસ્તુઓ ચોખ્ખી અને ગુણવતા પ્રમાણે વેચાણ કરવાની રહેશે. તેમજ સુરત મહાનગરપાલિકાના ધારાધોરણનું પાલન કરવાનું રહેશે.

(૯) **સ્વ સહાય જૂથે** અગ્નિશામક સાધનોની તમામ વ્યવસ્થા કરવાની રહેશે તેમજ કેન્ટીનમાં કામ કરતા કર્મચારીઓ કામદારોના આરોગ્યની કાળજી રાખવાની રહેશે.

(૧૦) **સ્વ સહાય જૂથે** તેઓની ઓફર મંજુર થયેથી કેન્ટીનની જગ્યાનો કબ્જો જરૂરી સાધનો સહિત જમીન મિલકત ખાતું (સેન્ટ્રલ ઝોન) પાસેથી મેળવવાનો રહેશે અને તે સ્થિતિમાં ઈજારાની મુદત પૂર્ણ થયેથી પરત કરવાનો રહેશે આ સમય દરમ્યાન આ પ્રીમાઈસીસને તથા ફર્નીચરને જે કાંઈ નુકશાન થશે તે **સ્વ સહાય જૂથે** ભરપાઈ કરવાનું રહેશે.

(૧૧) કેન્ટીન માટેના જરૂરી લાયસન્સો ઈજારદારે પોતે મેળવવાના રહેશે.

(૧૨) મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીને કેન્ટીનનો વહીવટ સંતોષકારક નહિ જણાશે તો અથવા કોઈપણ શરતનો ભંગ થાય તો કોઈપણ સમયે સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરી તાત્કાલીક અસરથી ઈજારો રદ કરવામાં આવશે.

(૧૩) ઓફર મંજુર કર્યા બાદ જો ઈજારદાર કેન્ટીનનો કબ્જો સમયસર સ્વીકારે નહિ તો તેવા સંજોગોમાં બાનાની રકમ જપ્ત કરી અન્ય ઈજારદારને કેન્ટીનની ફાળવણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૪) ઉપરોકત શરતોમાં વખતોવખત જરૂરી સુધારા વધારા મહાનગરપાલિકા કરી શકશે તથા તે તમામ ઈજારદારને માન્ય અને બંધનકર્તા રહેશે. તથા કોઈપણ શરતોના ભંગ બદલ ઈજારો રદ કરી કેન્ટીનનો કબ્જો તાત્કાલીક મહાનગરપાલિકા હસ્તક લેવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રીને છે અને રહેશે.

**(૧૫) સંમતિ દર્શાવનાર સંસ્થા/અરજદારે રજુ કરવા જોગ પુરાવાઓ**

- સંસ્થા/પેઢીના રજીસ્ટ્રેશન બાબતના પુરાવાઓ
- સંસ્થાના ફુડ સેફટી લાયસન્સ
- આપશ્રીની સંસ્થા ધ્વારા આપવામાં આવતા નાસ્તાથી કોઈપણને ફુડ પોઈઝન કે આડઅસર ન થાય તે બાબતની બાહેધરી રૂા. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર રજુ કરવી.
- સદર કામ બાબતનુ અનુભવનું પ્રમાણપત્ર

ઈ.ચા.આસી.કમિશનર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

**ઉપરોકત તમામ શરતો મે વાંચી છે અને તે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.**

તા. /૦૩/૨૦૨૬ ______________________

ઈજારદારની સહી

**ઓફર લેટર**

પ્રતિ,
મ્યુનિ.કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

**વિષય :– મ્યુની. કેન્ટીન ચલાવવાનો ઈજારો મેળવવા બાબત.**

**મે. સાહેબ**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ મ્યુની. કેન્ટીન આ સાથે સામેલ ફોર્મમાં જણાવેલ શરતોને આધીન ચલાવવા હું સંમત છું.

વધુમાં, આ કેન્ટીન ચલાવવા માટે માસિક ભાડાની મારી મહત્તમ ઓફર રૂ. ________________

(અંકે રૂપિયા ________________________________________ પુરા )+ ૧૮% જી.એસ.ટી. ની છે. જે ધ્યાને લેવા વિનંતી.

આ અગાઉ નીચે જણાવેલ સંસ્થા / કચેરીમાં કેન્ટીન ચલાવવાનો ઈજારો મે મેળવેલ જે અંગેના પ્રમાણપત્ર સામેલ છે.

| અ.નં. | સંસ્થાનું નામ | સરનામું |
|---|---|---|
| ૧– | | |
| ૨– | | |
| ૩– | | |

તા. /૦૩/૨૦૨૬

સુરત.

______________________________

**ઓફરરની સહી તથા સિકકો**

**નામ :–**

**સરનામું :–**